શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૭
જુલાઈ : ૨૦૨૩

મેહુલો તે વરસે હરિ મંદિરમાં, રમઝમ કરતા આવે રે....

વિશ્વ યોગ દિવસ પ્રસંગે હૃદય કુટીરે
યોગ કરતા ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ, SGVP

શ્રીસ્વામિનારાયણ સનાતન મંદિર ખાતે યોજાયેલ સત્સંગ સભામાં
ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, ઉમરગામ

પૂજ્ય સ્વામીજીની કશ્મીરની યાત્રા દરમિયાન રાજ્યપાલશ્રી
સાથેની શુભેચ્છા મુલાકાત, સાથે સંતો-ભક્તો

સનાતન મંદિર લેસ્ટર-યુ.કે ખાતે યોજાયેલ સત્સંગ સભામાં
ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો

ડો. મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા, મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી જનરલ ભારતની મુલાકાતે પધારતા દિલ્હી ખાતે
યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, વિવિધ ધર્માચાર્યો, અજિત ડોભાલ, ગુરુમૂર્તિ તથા અન્ય મહાનુભાવો.

રીબડા-રાજકોટ ગુરુકુલ ખાતે અધિક માસ દરમિયાન દરરોજ જુદા જુદા સેવાના આયોજનો કરવામાં આવ્યા છે.
જેમાં શાળાના બાળકોને ભોજન, આંખ-દાંત નિદાન કેમ્પ, અપંગ બાળકોને સહાય વગેરેનો સમાવેશ થાય છે.

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
• પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ •
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૫, જુલાઈ : ૨૦૨૩, અંક : ૦૭

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

તમ સંગ લાગી રે...

તમ સંગ લાગી રે, ત્રિકમ મુજને તાળી...ટેક.

અસત જગતની આશા તજીને,
વરિયા વર વનમાળી રે...ત્રિકમ-૧

સગા સંબંધી સહુ મળી મુજને,
કહે છે કા'નુડાવાળી રે...ત્રિકમ-૨

તમને ભજતાં આડ્ય કરે તે,
સુખ સંપત દઉં બાળી રે...ત્રિકમ-૩

શિર જાટો તોય શ્યામ ન મૂકું,
લોકની લાજ પણ ટાળી રે...ત્રિકમ-૪

ત્રિભુવનનાથ વરી હું તમને,
નહિ કોઈની ઓશિયાળી રે...ત્રિકમ-૫

મુક્તાનંદ કહે મહેર કરીને,
સબળ લીધી સંભાળી રે...ત્રિકમ-૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

ઉપાસનાની દૃઢતા

- સ્વામી માધવપ્રિયદાસ

ઉપાસનાનો વિશેષ મહિમા સમજાવતાં ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, "કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે. ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી." (વચ.ગ.પ્ર. ૫૬)

"માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય, તે તો એમ સમજે જે, 'ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે, તો જે ભગવાનનો આશ્રિત હોય તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે ? ' એમ માહાત્મ્ય સમજે તે સારું જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું." (વચ.ગ.પ્ર. ૫૬)

વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ

"જેમ નદી તરવી હોય ત્યાં તો જેને તરતાં આવડતું હોય તે તરી જાય ને તરતાં ન આવડતું હોય તે તો ઊભો થઈ રહે. પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે. તેમ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુ:ખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય, પણ મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. અંત સમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારું ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી." (વચ.ગ.પ્ર. ૬૧)

વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ ઉપાસનાનો મર્મ સરળ રીતે સમજાવતાં કહે છે કે,

"ભગવાનના ભજનનો કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય છે તેમ તેમ એને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે અને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે."

આ વાતને સરળ રીતે સમજાવવા માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે સાગર, આકાશ અને તેજના દૃષ્ટાંત દીધાં છે.

"જેમ સમુદ્ર છે તેને વિષે કીડી પણ જઈને પાણી પીવે અને ચરકલું પણ પીવે ને મનુષ્ય, પશુ, ઘોડા, હાથી તથા મોટા મોટા મગર-મત્સ્ય એ સર્વે સમુદ્રનું જળ પીને બળિયા થાય છે, પણ સમુદ્ર લેશમાત્ર ઓછો થતો નથી. અને જે જે જીવનું જેવું જેવું મોટું ગજું હોય તે તે જીવ તે પ્રમાણે સમુદ્રનો મહિમા વધુ જાણે છે." (વચ.સા.૧૭)

"જેમ આકાશ છે તેને વિષે મચ્છર ઊડે ને ચરકલું ઊડે ને સમળાં ઊડે ને સીંચાણો પણ ઊડે ને અનળપક્ષી પણ ઊડે ને ગરુડ પણ ઊડે, તો પણ એ સર્વેને આકાશ અપારનો અપાર રહે છે. અને જેને પાંખને વિષે વધુ બળ હોય તે

આકાશનો મહિમા વધુ જાણે છે અને પોતાને વિષે ન્યૂનપણું સમજતો જાય છે.'' (વચ.સા.૧૭)

ન્યૂનાધિક ઉપાસનાવાળા ઉપાસકોની સ્થિતિ સ્પષ્ટ કરતાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે, ''મરીચ્યાદિક પ્રજાપતિની પેઠે અલ્પ ઉપાસનાવાળા ભક્ત તો મચ્છર જેવા છે અને બ્રહ્માદિકની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો ચરકલા જેવા છે અને વિરાટપુરુષાદિકની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો સમળા જેવા છે અને પ્રધાનપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો સીંચાણા જેવા છે અને શુદ્ધ પ્રકૃતિપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો અનળપક્ષી જેવા છે અને અક્ષરધામમાં રહેનારા જે અક્ષરમુક્ત તેની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો ગરુડ જેવા છે.''

''અને એ સર્વે ભક્ત જેમ જેમ વધુ વધુ સામર્થીને પામ્યા છે, તેમ તેમ ભગવાનનો મહિમા વધુને વધુ જાણતા ગયા છે; અને જેમ જેમ વધુ સામર્થિને પામતા ગયા તેમ તેમ ભગવાનને વિષે સ્વામી- સેવકપણાનો ભાવ પણ અતિ દૃઢ થતો ગયો છે.'' (વચ.સા.૧૭)

ભગવાન શ્રીસ્વામિનારાયણ તેજના દૃષ્ટાંત દ્વારા ઉપાસનાનો મર્મ સમજાવતા કહે છે કે,

''જ્યારે ભજનનો કરનારો જીવરૂપે હતો, ત્યારે એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો. પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું તેમ તેમ દીવા જેવો થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી દાવાનળ જેવો થયો, પછી વીજળી જેવો થયો, પછી ચંદ્રમા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, પછી મહાતેજ જેવો થયો, એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો અને સામર્થી પણ વૃદ્ધિને પામી અને સુખ પણ વૃદ્ધિને પામ્યું.''

ઉપાસના માર્ગનું આટલું વિશદ વિવેચન અન્યત્ર ભાગ્યે જ જોવા મળશે.

।। ધ્યેયો નારાયણો હરિઃ ।।

અધ્યાત્મમાર્ગમાં ધ્યાન-ઉપાસનાનું અતિ મહત્ત્વ છે, પરંતુ પ્રશ્ન એ છે કે ધ્યાન-ઉપાસન કોનું કરવું?

આ પ્રશ્નના સમાધાનમાં અથર્વશીર્ષ ઉપનિષદમાં કહ્યું છે, **કારણં તુ ધ્યેયઃ।**

''જે સર્વેનું કારણ હોય, સર્વેશ્વર હોય, સર્વના નિયંતા હોય તેનું ધ્યાન-ઉપાસન કરવું.''

વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે, **શુભાશ્રયો ધ્યેયઃ।**

''જે શુભાશ્રય હોય તેનું ધ્યાન કરવું, અશુભાશ્રયનું ધ્યાન ન કરવું.''

શુભાશ્રય કોને કહેવાય?

તો ભાવનાત્રયરહિતઃ શુભાશ્રયઃ।

જેમાં ત્રણ ભાવના ન હોય તેને શુભાશ્રય કહેવાય.

ત્રણ ભાવના કોને કહેવાય ? એના ઉત્તરમાં વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે,

ત્રિવિધા ભાવના ભૂપ વિશ્વમેતન્નિબોધતામ્।

કાર્યાખ્યા બ્રહ્મસંજ્ઞા ચ તથા ચૈવોભયાત્મિકા ।।

''હે રાજન્ ! સમસ્ત જડચેતન સમુદાય કર્મભાવના, બ્રહ્મભાવના અને ઊભય ભાવનાથી બદ્ધ છે.''

કર્મભાવનાનો અર્થ છે, કર્મને આધીન જીવાત્માઓ. કીટ-પતંગથી લઈને દેવતાઓ પર્યંત જીવો કર્મભાવનાથી યુક્ત છે.

આ જીવો ધ્યેય અને ઉપાસ્ય નથી, કારણ કે જે સ્વયં કર્માધીન છે તે ઉપાસકને મુક્ત કઈ રીતે કરી શકે?

વિરાટ નારાયણાદિક ઈશ્વરો કર્મ અને બ્રહ્મ બન્ને ભાવનાથી યુક્ત છે. તેઓ કર્મો અર્થાત્ પરમાત્માએ બાંધેલા નિયમોને આધીન થઈને બ્રહ્માંડોની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય કરે છે, સાથે સાથે પરમાત્માનું અનુસંધાન પણ ચૂકતા નથી.

આ ઊભય ભાવનાયુક્ત આત્માઓ પણ ધ્યેય કે ઉપાસ્ય નથી.

બ્રહ્મભાવનાનો અર્થ છે, જેઓ બ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મનું ધ્યાન-ઉપાસન કરે છે એવા અક્ષરમુક્તો.

આ આત્માઓ પરબ્રહ્મને આધીન છે, માટે એમનું ધ્યાન-ઉપાસન કરવાને બદલે એ જેમનું ધ્યાન કરે છે એ પરબ્રહ્મનું જ ધ્યાન-ઉપાસન કરવું જોઈએ.

તૈત્તિરીય ઉપનિષદમાં કહે છે કે,

નારાયણઃ પરં બ્રહ્મ।

ભગવાન નારાયણ જ પરમબ્રહ્મ છે, માટે એમનું ધ્યાન-ઉપાસન કરવું.

મહાભારતમાં વ્યાસજી કહે છે,

આલોડ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ।

ઇદમેકં સુનિષ્પન્નં ધ્યેયો નારાયણો હરિઃ ।।

''સમુદ્રમંથનથી જેમ અમૃત પ્રાપ્ત થયું હતું, એ જ રીતે સર્વ શાસ્ત્રોનું વારંવાર મંથન અને મીમાંસા કર્યા બાદ સારી રીતે સિદ્ધ થયું છે કે ભગવાન શ્રીહરિ નારાયણ જ ધ્યેય અને ઉપાસ્ય છે. નારાયણ સિવાય કોઈ ઉપાસના કરવાને યોગ્ય નથી.''

સૌંદર્યની અનુભૂતિ કેવી રીતે પામી શકાય ?

- શ્રી ભાણદેવજી

સૌંદર્ય એટલે સૃષ્ટિમાં અભિવ્યક્ત થયેલા પરમાત્મા. જે સત્ય છે, તે શિવમ (મંગલમય) હોય જ અને જે સત્ય છે, તે સુંદરમ્ પણ હોય છે.

આ સમગ્ર સૃષ્ટિ પરમાત્માની અભિવ્યક્તિ **(Manifestation)** છે. પરમાત્મા પરમ સુંદર છે. તેથી તેની અભિવ્યક્તિ-સૃષ્ટિ પણ સુંદર હોય તે સ્વભાવિક જ છે. આમ છતાં સૃષ્ટિમાં પરમાત્માની અભિવ્યક્તિ સર્વત્ર સમાન સ્વરૂપે હોતી નથી. અભિવ્યક્તિમાં તારતમ્ય હોય છે.

જ્યાં પરમાત્માની અભિવ્યક્તિ વધુ સ્પષ્ટ હોય છે, ત્યાં સૌંદર્ય અનુભવાય છે, તે સુંદર જણાય છે. આમ હવે આપણે કહી શકીએ કે સૌંદર્ય એટલે પરમાત્માની વિશિષ્ટ અર્થાત્ સ્પષ્ટ અભિવ્યક્તિ.

આપણને સૌંદર્યનું દર્શન ગમે છે શા માટે ? સૌંદર્ય પરમાત્માનું એક સ્વરૂપ છે. પરમાત્મા આનંદસ્વરૂપ છે. સૌંદર્યના માધ્યમથી પરમાત્માની અનુભૂતિ થાય છે.

પરમાત્માની અનુભૂતિ આનંદદાયક હોય જ કારણ કે આનંદ તો પરમાત્માનું સ્વરૂપ છે. આમ હોવાથી સૌંદર્યનું દર્શન આપણને ગમે છે.

સૃષ્ટિમાં અપરંપાર સૌંદર્ય છે. શું આપણે આ સૌંદર્યની અનુભૂતિ હંમેશાં પામી શકીએ છીએ ? આટલા અનર્ગળ સૌંદર્ય વચ્ચે પણ આપણે કેમ દુ:ખી છીએ ? કારણ એક જ છે - સૌંદર્ય અપરંપાર છે, પરંતુ આપણે સૌંદર્યને અનુભવી શકતા નથી. આવી સુંદર સૃષ્ટિ આપણને સુંદર પ્રતીત કેમ થતી નથી ? સૌંદર્ય હોવા છતાં આપણે તેની અનુભૂતિ કેમ પામતા નથી ? આ જ પ્રશ્નને બીજી રીતે મૂકીએ -

આપણે સૌંદર્યની અનુભૂતિ કેવી રીતે પામી શકીએ ? આપણામાં એવી કઈ કઈ બાધાઓ છે, જેને કારણે આપણે સૌંદર્યને પામી શકતા નથી ? સૌંદર્યને અનુભવી શકતા નથી ? સૌંદર્યાનુભૂતિમાં બાધારૂપ બનતાં આ વિઘ્નોને આપણે કેવી રીતે દૂર કરી શકીએ ? આપણે સૌંદર્યના અનુભવને કેવી રીતે પામી શકીએ ?

(૧) સૌંદર્યાનુભૂતિમાં સૌથી પ્રધાન બાધ છે - ભોગેચ્છા. જે સુંદર વસ્તુ કે વ્યક્તિ છે, તેને મેળવીને તેને ભોગવવાની ઈચ્છા થાય એટલે ચિત્ત કલુષિત બની જાય છે. કલુષિત ચિત્તમાં સૌંદર્યની અનુભૂતિ પ્રગટી શકે નહીં.

કોઈ સુંદર સ્ત્રી પ્રત્યે કામભાવથી જોવામાં આવે અને ચિત્તમાં તેના સૌંદર્ય પ્રત્યે ભોગેચ્છા પ્રગટે તો તે સૌંદર્યની અનુભૂતિથી આપણે વંચિત રહી જઈએ છીએ. સુંદર સ્ત્રીને કામભાવ અને ભોગેચ્છાથી મુક્ત રહીને વિશુદ્ધભાવે પણ જોઈ શકાય. પરિશુદ્ધ ચિત્તથી તેના સૌંદર્યનો વિશુદ્ધ અનુભવ પણ પામી શકાય. આમ બને તો જ સુંદર સ્ત્રીના દર્શનથી ચિત્તમાં સૌંદર્યની અનુભૂતિ પ્રગટી શકે.

એક કમળનું પુષ્પ જોઈને ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. પરંતુ બીજી જ ક્ષણે જો ચિત્તમાં કમળના પુષ્પને પામવાની ઈચ્છા પ્રગટે તો ભાવક તેની સૌંદર્યાનુભૂતિથી વંચિત રહી જાય છે. આમ સુંદર વસ્તુને મેળવી લેવાની ઈચ્છા, પ્રાપ્ત કરી લેવાની લાલસા, તેને ભોગવવાની તૃષ્ણા ભાવકને સૌંદર્યાનુભૂતિથી વંચિત રાખી દે છે.

સૌંદર્યની અનુભૂતિ ચિત્તમાં પ્રગટે તે માટે ચિત્તને સ્વકેન્દ્રી લાલસા - મેળવી લેવાની ઈચ્છા - ભોગેચ્છાથી

મુક્ત રાખવું અનિવાર્ય છે.

સૌંદર્યાનુભૂતિ બહુ નાજુક અને સૂક્ષ્મ અનુભવ છે. ચિત્ત દ્વારા જો, નાની સરખી પણ બાધા ઉપસ્થિત થાય તો આ મહામૂલો અનુભવ ચિત્તમાં પ્રગટતો નથી.

ભાવકે સતત યાદ રાખવું જોઈએ કે સૌંદર્ય ભોગવવા માટે, પ્રાપ્ત કરી લેવા માટે નથી. સૌંદર્ય અનુભવવા માટે છે - ભોગાસક્તિ તો અનુભૂતિમાં બાધારૂપ છે.

(૨) સૌંદર્યાનુભૂતિમાં બીજી બાધા છે - ચિત્તની જડતા. સંવેદનશીલ હૃદય જ સૌંદર્યના અનુભવને પામી શકે છે. અહીં જડસુઓનો પ્રવેશ નથી. **"Sensitivity is efficiency to feel."** "સંવેદનશીલતા એટલે અનુભવ પામવાની ક્ષમતા."

જેમની પાસે આ પ્રકારનું સંવેદનશીલ હૃદય ન હોય તેઓને સૌંદર્યની અનુભૂતિ ન થઈ શકે. જડસુને મન સુંદર અને કુરુપ, બધું સરખું હોય છે. એ સાચું છે કે સુંદરમાં કશુંક અસાધારણ અભિવ્યક્ત થયું હોય છે, પરંતુ જેમની પાસે આ અસાધારણને જોવાની આંખ ન હોય અને તેને અનુભવવા માટેનું હૃદય ન હોય તેમને મન શું સુંદર અને શું કુરૂપ?

એક શરણાઈવાદક શરણાઈ પર સુંદર રાગ-રાગિણીઓનું વાદન કરી રહ્યા હતા. લાંબા સમય સુધી તેઓએ શરણાઈ દ્વારા સંગીત રેલાવ્યું. ત્યાર પછી એક મહાનુભાવ તેની પાસે સાંબેલું લઈને આવ્યા અને બોલ્યા -

પોલું છે ને વાગે છે તેમાં શી કીધી તે ચતુરાઈ ?
આ સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે !

કહો, આવા જડસુઓ સૌંદર્યની અનુભૂતિને કેવી રીતે પામી શકે?

(૩) સૌંદર્યાનુભૂતિમાં ત્રીજી બાધા છે - ચિત્તની મલિનતા, વિશુદ્ધ ચિત્ત વિના સૌંદર્યાનુભૂતિ પ્રગટી શકે નહીં. જે જમીનમાં ઝાડાંઝાંખરાં પુષ્કળ પ્રમાણમાં ઊગી નીકળ્યા હોય તે જમીનમાં ગુલાબનાં પુષ્પો ખીલી શકે નહીં. ઘાસ, છોડવાઓ આદિથી સર્વથા મુક્ત હોય તેવી ફળદ્રુપ જમીનમાં જ ગુલાબ થઈ શકે. તે જ રીતે જે ચિત્તમાં અનેક પ્રકારની મલિનતા હોય તે ચિત્તમાં સૌંદર્યાનુભૂતિ જેવી સૂક્ષ્મ અનુભૂતિ પ્રગટી શકે નહીં.

હવે પ્રશ્ન એ છે કે ચિત્તની મલિનતા એટલે શું ? રાગ, દ્વેષ, ગ્રંથિઓ, ઈર્ષ્યા, અભિમાન, ભય, વાસનાઓ લોભ આદિ તત્ત્વો ચિત્તમાં મલિનતા સર્જે છે. ચિત્તમાં તેમની હયાતી તે જ ચિત્તની મલિનતા છે. આ મલિનતા સૌંદર્યાનુભૂતિમાં બાધારૂપ બને છે.

દૃષ્ટાંતતઃ કોઈ એક યાત્રી હિમાલયની યાત્રાએ જાય છે. હિમાલયની યાત્રા દરમિયાન તેને ભય લાગે છે. આ ભયભીત મનોદશાને કારણે તે સૌંદર્યાનુભૂતિથી વંચિત રહે છે. એક સંગીતકાર બીજા સંગીતકારની સિતાર સાંભળે છે. પરંતુ ઈર્ષ્યાને કારણે સંગીતની સૌંદર્યાનુભૂતિથી વંચિત રહે તેમ બની શકે છે.

આમ ચિત્તની મલીનતાઓ પણ સૌંદર્યાનુભૂતિમાં બાધારૂપ બની શકે છે. વિશુદ્ધ ચિત્ત સૌંદર્યાનુભૂતિ માટે લાયક ક્ષેત્ર છે.

(૪) ભગવાન સર્વત્ર છે, તેવી દૃઢ શ્રદ્ધા અને ચિત્તની આવા અનુભવ માટેની અભિમુખતા પણ સૌંદર્યાનુભૂતિ માટે અનુકૂળ ભૂમિકા તૈયાર કરી આપે છે.

સૌંદર્યાનુભૂતિ તે વસ્તુતઃ એક સ્વરૂપનું ભગવદ્ દર્શન જ છે. સર્વત્ર ભગવાન છે, તેવી શ્રદ્ધા, તેના દર્શન માટેની અભિમુખતા હોય તો ચિત્તનું ઢાંકણ તુરત ખસી જાય છે અને સૌંદર્યરૂપે આવેલા પરમાત્મા તુરત પ્રગટ થાય છે.

સૌંદર્યાનુભૂતિ માટે માનવી અભિમુખતા હોય તો આવી અનુભૂતિના પ્રાગટ્યની સંભાવના ઉપસ્થિત થાય છે. સર્વત્ર ભગવત્ ભાવના રાખવાથી સૌંદર્યાનુભૂતિ માટે આપણાં મનની અભિમુખ તૈયાર થાય છે.

(૫) સૌંદર્યાનુભૂતિ માટે મન અને ઈન્દ્રિયોની તદનુરૂપ કેળવણી થાય તે આવશ્યક છે. જેની આંખ અને

ચિત્ત કેળવાયા ન હોય તે ચિત્રના સૌંદર્યની અનુભૂતિ પામી શકે નહીં. ઓમકારનાથનું ગાયન અતિ સુંદર છે, પરંતુ ભાવકને પક્ષે કશી જ તૈયારી ન હોય તો ભાવક તે ગાયનના સૌંદર્યની અનુભૂતિ પામી શકે નહીં. સહૃદય ભાવક જ સૌંદર્યને આત્મસાત કરી શકે છે. તેથી જ તો કવિએ કહ્યું છે - अरसिकेषु कवित्वनिवेदनं शिरसि मा लिख मा लिख मा लिख।

અરસિક એટલે જે ભાવકનું ચિત્તમંત્ર રસનિષ્પતિ માટે ઉપયુક્ત નથી. રસનિષ્પત્તિની ઘટના સહૃદય અને અભિમુખ ભાવકના ચિત્તમાં ઘટે છે, પથ્થરમાં નહીં.

આનો અર્થ એમ નહીં કે માત્ર સંગીતકાર જ સંગીતને માણી શકે કે માત્ર ચિત્રકાર જ ચિત્રને માણી શકે. તે વિષયની વિશેષયોગ્યતા અનિવાર્ય નથી, પરંતુ કળાની જે શાખાની સૌંદર્યાનુભૂતિનો આપણે વિચાર કરીએ તે શાખામાં ભાવકનો કાંઈક પ્રવેશ હોય તે કળાની સૌંદર્યાનુભૂતિ પામવા માટે આવશ્યક છે.

પરમાત્મા દ્વારા રચાયેલી આ સૃષ્ટિમાં તેમણે અપરંપાર સૌંદર્ય મૂક્યું છે. આસમાન, સિતારાઓ, ચંદ્ર, સૂર્ય, ઉષા, સંધ્યા, નદી, પહાડો, સમુદ્ર, વૃક્ષો, પુષ્પો, પક્ષીઓ, ધોધ, ઝરણાં - આ બધા તો ભગવાનની સૃષ્ટિનાં દૃષ્ટાંતો છે. વસ્તુતઃ અહીં સર્વત્ર અપરંપાર સૌંદર્ય અભિવ્યક્ત થયું છે. બાળકની આંખ અને માનવનો ચહેરો પણ સુંદર હોય છે. પવનનો સૂસવાટ અને વર્ષાની ધારાઓ પણ સુંદર જ છે. કહો, અહીં શું સુંદર નથી?

પરમાત્માએ રચેલી આ સૃષ્ટિ તો સુંદર છે જ, પરંતુ પરમાત્માના પ્રતિનિધિ જેવા કળાકારોએ રચેલી કળાકૃતિઓ પણ સુંદર હોય છે. સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય - આ અને આવા અનેક કળાક્ષેત્રો છે. કળાકાર દ્વારા કળાકૃતિમાં પણ પરમાત્માનું સૌંદર્ય અભિવ્યક્ત થાય છે. આ કળાઓના રસાસ્વાદન દ્વારા પણ ભાવક સૌંદર્યાનુભૂતિ સુધી પહોંચી શકે છે.

સૌંદર્યાનુભૂતિનું મુખ પણ પરમાત્મા તરફ જ છે. સૌંદર્યાનુભૂતિ પણ એક સ્વરૂપની આધ્યાત્મિક અનુભૂતિ જ છે. સૌંદર્યાનુભૂતિ દ્વારા પણ સહૃદય ભાવકને પરમ સુંદરની ઝલક મળી શકે છે.

સૌંદર્યાનુભૂતિમાં જે આનંદ, શાંતિ, પ્રેમ અનુભવાય છે, તેમાં પણ પરમાત્મા આનંદ, શાંતિ, પ્રેમનો અંશ ઊતરી આવે છે.

સૌંદર્યના ઉપાસકો પણ વસ્તુતઃ સત્યના જ ઉપાસકો છે, કારણ કે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ભિન્ન ભિન્ન નથી. આ સર્વ એક જ પરમ તત્ત્વના ભિન્ન ભિન્ન પાસાં છે.

જે માનવી સૌંદર્યની અનુભૂતિને પામે છે, તે તેના દ્વારા ભગવાન પ્રત્યે પ્રગતિ કરે છે. જેને 'અધ્યાત્મ'નું નામ આપવામાં આવે છે, તે જ અધ્યાત્મ છે અને બીજું કાંઈ નહીં, તેવું નથી. અધ્યાત્મને તેના વ્યાપક સ્વરૂપે જોઈએ, વ્યાપક દૃષ્ટિથી જોઈએ તો સૌંદર્યાનુભૂતિ પણ આધ્યાત્મિક અનુભૂતિનું જ એક સ્વરૂપ છે. 'સુંદરમ્'ની પગદંડી દ્વારા પણ 'સત્યમ્' પ્રત્યે ગતિ કરી શકાય છે.

■■■

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

ઉધામા

ઊંધું ઘાલીને કરે ઉધામા -
ભૂલી અરે ! ભગવાન;
જીવતર જીવી જાણે નહિ ને,
સામું કરે અભિમાન;
સામું કરે અભિમાન અલેખે,
પાછું વાળીને કાંઇ નવ દેખે;
કહે કોવિદરામ સાવ નકામા,
ઊંધું ઘાલીને કરે ઉધામા,
ભૂલી અરે ! ભગવાન.

ઉદ્યમ અને ઉધામામાં ફરક છે. માણસને ઉર્ધ્વગતિ કરાવે એ ઉદ્યમ અર્થાત્ કર્મ છે અને માણસને જે અધોગતિ કરાવે એ ઉધામા છે.

આજનો માણસ ભગવાનને ભૂલીને ઉધામા કરે છે. ઉધામામાં વ્યાયામ છે, પરંતુ પ્રાપ્તિ નથી.

ઘણીવાર તો એવું બને કે માણસને ઉધામાનું પણ અભિમાન આવવા લાગે છે. ઉદ્યમમાં તો પ્રગતિ છે, છતાં એનો પણ અહંકાર સારો નથી. જ્યારે ઉધામામાં અહંકાર આવે એ તો માણસને કરવતની માફક આવતાં અને જતાં એમ બન્ને પ્રકારે નષ્ટ કરે છે.

ધર્મને ભૂલીને ધમપછાડા કરતો માણસ કદી પાછળ નજર કરે તો પણ એને સમજાય કે પોતે જે માર્ગ ઉપર ચાલે છે એ રાહ ઉપર કોઈ સુખી થયું નથી.

એને એ પણ સમજાય કે ભગવાનને ભૂલી, સત્યને ચૂકી, પ્રેમને છોડી પોતે જે ઉધામા કર્યા એમાં એણે મોટું નુકશાન કર્યું છે, પરંતુ આ પ્રકારની સમજણ પણ પડતી નથી અને ઉધામામાં જ એક દિવસ જિંદગીનું ઉત્થાપન કરી બેસે છે. આવો માણસો હંમેશા દુઃખી થાય છે અને અન્યને દુઃખી કરે છે.

■■■

પંચાયતનસન્માનાય નમઃ

- પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી

જનમંગલ સ્તોત્રમાં શતાનંદ સ્વામીએ ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના ૧૦૮ નામ ગુથ્યા છે. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના સારરૂપ સર્વમંગલ સ્તોત્રમાં સ્વામિનારાયણ ભગવાનના ૧૦૦૦ નામ એમના ગુણ, ચરિત્ર, સ્વભાવ અને લીલાઓનું મંત્રરૂપે ભક્તને દર્શન કરાવે છે. એ જ રીતે સંક્ષેપમાં જનમંગલ સ્તોત્રના ૧૦૮ નામમાં શ્રીજી મહારાજના સ્વરૂપ અને દિવ્ય ગુણોનું આલેખન મંત્રસ્વરૂપે શતાનંદ સ્વામીએ કરેલું છે, જેમાં એક મંત્ર છે, 'ૐ શ્રી પંચાયતન સન્માનય નમઃ'

'પંચાયતન' એટલે પાંચ દેવતાઓ અને 'સન્માનાય' એટલે સન્માન-આદરભાવ પ્રગટ કરનારા શ્રી સહજાનંદ સ્વામીને નમસ્કાર હો.

શ્રીસ્વામિનારાયણ ભગવાન એટલે કે સહજાનંદ સ્વામી સનાતન ધર્મપરંપરાના સુધારક, પોષક અને પ્રવર્તન કરનારા ગુરુ, આચાર્ય તેમજ ઇષ્ટદેવ તરીકે પોતાના સમય દરમિયાન પ્રસિદ્ધ થઈ ચૂક્યા હતા.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનું મૂળ નામ 'ઉદ્ધવ સંપ્રદાય' છે. શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત, સખા તેમજ સચિવ ઉદ્ધવજીને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંદમાં જે એકાંતિક ધર્મનો ઉપદેશ કરેલો છે એ ઉપદેશને ઉદ્ધવજીએ સમગ્ર ભારતવર્ષમાં પ્રવર્તાવેલો અને એ જ ઉદ્ધવજી સદ્ગુરુ રામાનંદ સ્વામી રૂપે પ્રગટ થયા હતા. તેઓએ એકાંતિકધર્મનું સ્થાપન કરવા માટે ભગવદ્પાદ રામાનુજાચાર્ય થકી સમાધિ અવસ્થામાં ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરીને એ જ્ઞાનપરંપરાને પ્રચલિત કરી.

સહજાનંદ સ્વામીએ સદ્ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય તરીકે એ ઉદ્ધવ પરંપરાનું પ્રવર્તન કરવા માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિનું પોતાના આશ્રિતોનાં હૃદયમાં પોષણ કર્યું છે.

અર્થાત્ ઉદ્ધવીય શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય સનાતન ધર્મપરંપરાનો જ એક વિશુદ્ધ માર્ગ છે, જેમાં ભગવાનના બધા જ અવતારો તેમજ સનાતન ધર્મપરંપરાના દેવી-દેવતાઓનો આદરપૂર્વક સ્વીકાર થયેલો છે.

શ્રીસહજાનંદ સ્વામી પોતાના જીવન દરમિયાન ભારતવર્ષમાં ભ્રમણ કરીને વિવિધ દેવી-દેવતાઓનું આદરપૂર્વક દર્શન, વંદન, પૂજન કરતા રહ્યા અને પોતાના ભક્તજનોને પણ એ જ પ્રકારનો ઉપદેશ અને પ્રેરણા આપતા રહ્યા છે.

જેમાં પાંચ દેવ મુખ્ય છે : વિષ્ણુ ભગવાન, શિવજી, ગણપતિજી, દેવી પાર્વતી માતા અને સૂર્યનારાયણ. આ પાંચ દેવનું મહાત્મ્ય પ્રગટ કરવા માટે સ્વયં સહજાનંદ સ્વામીએ પોતે સ્થાપિત કરેલા મંદિરોમાં વિષ્ણુના અવતાર સ્વરૂપો સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલા છે.

જેમાં અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવ, વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ, ભુજમાં શ્રીનરનારાયણ દેવ, જૂનાગઢમાં શ્રીરાધારમણ દેવ, ધોલેરામાં શ્રીમદનમોહનજી મહારાજ, ગઢડામાં શ્રીગોપીનાથજી મહારાજ.

આ મુખ્ય દેવતાઓની સાથે સાથે જૂનાગઢમાં શ્રી સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતીજી, ગણપતિજી તેમજ ગઢડામાં સૂર્યનારાયણ દેવની પ્રતિષ્ઠા કરેલી છે. તદુપરાંત પ્રત્યેક મંદિરોમાં હનુમાનજી, ગણપતિજી, શિવલિંગની સ્થાપના થયેલી છે, જેનાં દર્શન પ્રત્યેક સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો દરરોજ આદરભાવ અને મહિમાથી કરતા રહે છે.

આ રીતે પાંચ મુખ્ય સનાતન પરંપરાના આરાધ્ય ઉપાસ્ય ઈષ્ટદેવોની પ્રતિષ્ઠા સ્વયં સ્વામિનારાયણ ભગવાને કરેલી હોવાથી સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનું આ દિવ્ય નામ 'પંચાયતનસન્માનય નમઃ' તરીકે જનમંગલ સ્તોત્રમાં પ્રસિદ્ધ કરેલું છે.

શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રિત તરીકે શિક્ષાપત્રીમાં નિર્દિષ્ટ આ પંચદેવનો મહિમા પણ જાણવો જોઈએ, સમજવો જોઈએ અને વિવિધ દેવી-દેવતાઓ પ્રત્યે આદરપૂર્વક દર્શન-વંદન-પૂજન કરીને ભક્તિભાવ પ્રગટ કરવો જોઈએ.

આપણે શ્રીજી મહારાજના આશ્રિત તરીકે શિક્ષાપત્રીમાં આપેલા આ અંગેના કેટલાક મહત્વનાં સૂત્રો હંમેશાં યાદ રાખવા જોઈએ.

દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ - એમની નિંદા ક્યારેય કરવી નહીં તેમજ સાંભળવી પણ નહીં. - શિક્ષાપત્રી, ૨૧

માર્ગમાં ચાલતા શિવાલય આદિક દેવ મંદિર આવે તો તે દેવને આદર થકી વંદન અને દર્શન કરવા. શિક્ષાપત્રી, ૨૩

નારાયણ અને શિવજી બંનેનું એકાત્મપણુ જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. શિક્ષાપત્રી, ૪૭

જે શાસ્ત્રને વિશે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવા અને ન સાંભળવા. - શિક્ષાપત્રી, ૨૯

જે બ્રાહ્મણાદિકને ત્રિપુન્ડ્ર જે આડુ તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી એ બે વાના પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યા આવ્યા હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે ત્રિપુન્ડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. - શિક્ષાપત્રી, ૪૬

અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ જે તે પૂજ્ય પણે કરીને માનવા. શિક્ષાપત્રી, ૮૪

સર્વ જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી, શિવરાત્રી વ્રત જે તે આદર થકી કરવું અને તે વ્રતના દિવસને વિશે મોટા ઉત્સવ કરવા. શિક્ષાપત્રી, ૭૯

ભાદરવા સુધી ચતુર્થીના દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. શિક્ષાપત્રી, ૧૨૭

શ્રી સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીનું એકાગ્રતાપૂર્વક ચિંતન-મનન કરતા સાધકને એવો અનુભવ થાય છે કે, શિક્ષાપત્રી લખવાનો હેતુ 'સર્વ જીવ હિતાવહ' છે. તેથી શિક્ષાપત્રીમાં કોઈ પણ દેવી-દેવતાની નિંદા કરવાનો સંપૂર્ણ નિષેધ છે. તદુપરાંત તેની સાથે સાથે આપણી ભારતીય સનાતન ધર્મ પરંપરાના તમામ દેવી-દેવતાઓ પ્રત્યે વંદન-પૂજન સહિત આદરભાવ વ્યક્ત થયેલ છે.

સ્વયં શ્રીજી મહારાજ જો પંચદેવની આટલા આદરભાવ સાથે પ્રતિષ્ઠા કરતા હોય તો આપણે એમના આશ્રિત તરીકે શ્રીજી મહારાજનું નામ 'પંચાયતનસન્માનાય નમઃ' એ સાર્થક બનાવવું જોઈએ.

આપણી સનાતન ધર્મ પરંપરામાં પાંચ ધારાઓ મુખ્ય છે. ૧. વૈષ્ણવ પરંપરા
૨. શૈવ પરંપરા
૩. શાક્ત પરંપરા
૪. ગાણપત્ય પરંપરા

૫. સૂર્ય પરંપરા

આ પાંચ ધારાઓના પાંચ આરાધ્ય દેવતાઓ છે. ભગવાન વિષ્ણુ, શિવ, અંબિકા, ગણપતિ અને સૂર્યનારાયણની ઉપાસના થાય છે.

વૈષ્ણવી પરંપરામાં ભગવાન નારાયણ વિષ્ણુસ્વરૂપે સમગ્ર સૃષ્ટિમાં નિવાસ કરીને પાલનપોષણ કરી રહ્યા છે અને સમયે સમયે અવતારો ધારણ કરીને પોતાના ભક્તજનોના મનોરથ પૂરા કરે છે, ધર્મનું સ્થાપન કરે છે અને અધર્મનો ઉચ્છેદ પણ કરે છે. એટલે વિષ્ણુ અને વિષ્ણુના વિવિધ અવતારોની ઉપાસના એ વૈષ્ણવી પરંપરાની સનાતન આધ્યાત્મિક રીતિ છે. જેમાં પુરુષોત્તમ નારાયણના અવતાર તરીકે ભગવાન મત્સ્ય, ભગવાન કચ્છપ, ભગવાન વરાહ, ભગવાન નૃસિંહ, ભગવાન વામન, ભગવાન પરશુરામ, ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન બુદ્ધ વગેરેની ઉપાસના પ્રચલિત છે.

શૈવ પરંપરામાં શિવતત્ત્વ પ્રધાન છે. આ સૃષ્ટિના સંચાલક તરીકે મુખ્ય ત્રિદેવમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ક્રમશઃ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના મુખ્ય ઈશ્વર છે. તેમાં ભગવાન સદાશિવ દેવાધિદેવ છે. શિવ અનાદિ તત્વ છે. જેટલું અનાદિ તત્વ નારાયણનું માહાત્મ્ય છે એટલું જ અનાદિ તત્વ શિવનું માહાત્મ્ય છે. ચારેય વેદોમાં નારાયણ અને શિવનું બ્રહ્મરૂપે એકત્વ નિરૂપણ કરેલું છે. એટલે શિવ તત્વ પણ ઉપાસ્ય આરાધ્ય ઈષ્ટદેવ તરીકે સનાતન પરંપરામાં અનાદિકાળથી પ્રસિદ્ધ છે. શિવના પણ અનેક સ્વરૂપો પૂજાય છે. જેમાં શિવલિંગની પૂજા-ઉપાસના મુખ્ય છે. ભગવાન શંકર ભોળાનાથ તરીકે ભક્તોના મનોરથ પૂરા કરે છે અને સદાય સમાધિમાં સ્થિત રહીને સમગ્ર સૃષ્ટિનું કલ્યાણ કરે છે, મંગલ કરે છે. તેમજ યથા સમયે સૃષ્ટિને શાંત પણ કરે છે, જેને પ્રલય કહેવામાં આવે છે. શિવ તત્વની કોઈપણ રીતે અવગણના કરનારા અજ્ઞાની જીવ છે. શિવ તો કરુણાસાગર હોવાથી આવા અજ્ઞાની જીવો ઉપર પણ એમની દયાદૃષ્ટિ રહે છે.

જેટલી શૈવ પરંપરા અનાદિ છે એટલી જ શાક્ત પરંપરા એટલે કે શક્તિ ઉપાસના પણ અનાદિકાળથી પ્રચલિત છે. દેવી દુર્ગાના વિવિધ નવ સ્વરૂપોની આરાધના-ઉપાસના વ્યાપક રીતે થાય છે. દેવીની ઉપાસના ભારતમાં ખૂબ વ્યાપક છે. ખાસ કરીને બંગાળ, ઓરિસ્સા, આસામ વગેરે પ્રદેશોમાં શક્તિ ઉપાસનાનો વ્યાપ ઘણો વધારે છે. નવરાત્રિ દરમિયાન શક્તિ-દેવીની વિશેષ પૂજા-અર્ચના-આરાધના થાય છે.

ગાણપત્ય પરંપરામાં સર્વ દેવોના પતિ ગણપતિની ઉપાસના થાય છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં ગણપતિની ઉપાસનાનું પ્રાધાન્ય વિશેષ છે. પૌરાણિક કથા પ્રમાણે ગણપતિ વિઘ્નહર્તા છે, સર્વ મંગલ કાર્યના પ્રારંભે ગણપતિનું સ્થાન પ્રથમ છે. માટે પ્રથમ ગણપતિજીનું પૂજન-અર્ચન-વંદન કરવામાં આવે છે, પછી અન્ય દેવનું.

યોગશાસ્ત્રમાં મૂલાધાર ચક્રમાં ગણપતિજીનો વાસ માનવામાં આવે છે. શરીરનો આધાર મૂલાધાર છે. સાધકે પ્રથમ મૂલાધારને જીતીને જ આગળ વધવાનું હોય છે. માટે ગણપતિજીનું અગ્રપૂજન સાંકેતિક છે. મોટા ભાગે મંદિરમાં પ્રથમ હનુમાનજી અને ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે, કારણ કે ભગવાનનાં દર્શન કરવા હોય તો સંયમી અને સેવામય જીવન જીવવું પડે છે. આમ ગણપતિજીની આરાધના ખૂબ મોટી પ્રેરણા આપે છે.

સૂર્યનારાયણની ઉપસાના વૈદિક કાળથી ચાલી આવે છે. પૌરાણિક સમયમાં ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણના દીકરા સાંબે સૂર્ય ઉપસાના કરી હતી.

બ્રહ્માના પુત્ર મરીચિ થયાં. મરીચિના પુત્ર ઋષિ કશ્યપ. ઋષિ કશ્યપના લગ્ન અદિતિ સાથે થયાં. અદિતિની તપસ્યાથી પ્રસન્ન સૂર્યએ અદિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. અદિતિના ગર્ભથી જન્મેલાં સૂર્યના અંશને વિવશ્વાન કહેવામાં આવ્યું. એમના સંતાન વૈવશ્વત મનુ થયાં. શનિ, યમ, યમુના અને કર્ણ સૂર્યના સંતાનો છે. ભગવાન રામ વૈવસ્વત મનુના પુત્ર ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલાં.

સૂર્યને નારાયણનું સ્વરૂપ પણ કહેવાય છે. મોટા ભાગે ક્ષત્રિયો સૂર્યનારાયણની આરાધના કરે છે. ક્ષત્રિયો દ્વારા સૂર્યનારાયણની આરાધના પાછળનું કારણ પ્રેરણા છે. સૂર્યનારાયણ રાજાઓને ઉત્તમ પ્રેરણા આપે છે. સમજીએ જોઈએ તો સૂર્યમંડળ રાજાનું મંત્રીમંડળ છે. સૂર્ય એટલે રાજા પોતે, ચંદ્ર એટલે એનુ મન, બુધ એટલે રાજાનો બુદ્ધિમાન મંત્રી, ગુરૂ એટલે રાજાનો આધ્યામિક ગુરૂ-આચાર્ય, શુક્ર એટલે રાજાની રાજનર્તકીઓ તથા રાજાની બીજી મોજ-શોખની વસ્તુઓ, શનિ એટલે રાજાના નોકર-ચાકર-સેવકો, મંગળ એટલે રાજાના લડાયક સેનાપતિ, રાહુ એટલે રાજાનો કૂટ નિતીજ્ઞ.

બ્રહ્માંડના નવ ગ્રહોને ઉર્જા તથા પ્રકાશ સૂર્ય પૂરા પાડે છે. મતલબ જેનામાં આત્મબળ વધારે હોય એ જ રાજા બની શકે. એની પાસે વહિવટ સારો ચલાવવાની શક્તિ હોય અને આ આત્મબળ વધારવા માટે જ સૂર્યની પૂજા કરવામાં આવે છે.

આમ શ્રીજી મહારાજ વૈદિક ધર્મને ધ્યાનમાં રાખીને પંચાયતન દેવની ઉપાસનાને મહત્વ આપે છે. ■■■

ટકોર વગર ચકોર નહીં !

- કીર્તિભાઈ ઘોળકિયા

સંતો ઘણીવાર સભામાં કહેતા હોય છે કે, હરિભક્તને ટકોર ન કરીએ ત્યાં સુધી તે ચકોર થતા નથી.

"તેજીને ઈશારો કાફી છે, મૂરખને ડફણા હોય."

જેને જીવનમાં ભગવાન મેળવવા છે, કાંઈક પ્રાપ્ત કરવું છે, ભગવાન સન્મુખ જવું છે, આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરવું છે, જે મુમુક્ષુ જિજ્ઞાસુ છે, જેને અક્ષરધામનું સુખ લેવું છે તેને સંતો ટકોર કરે કે, આમ નહીં કરવાનું, મહારાજની આજ્ઞા પાળવામાં આ રીતે અંચાઈ નહીં કરવાની, તો જો તે સાચો મુમુક્ષુ હશે તો વાત સમજી જશે અને તરત જ પોતાની ભૂલ સુધારી લઈ સાચે માર્ગે આવી જશે. પણ જેને દંભથી વર્તમાન પાળવા છે, ભગવાનને સર્વકર્તા જાણતો હોવા છતાં તેની સાથે જ છેતરપીંડી આચરે છે, તેને ધામ નહીં પણ ધક્કા મળે છે.

કેટલાક ભક્તો બીજાને બતાવવા માટે જ વર્તમાન પાળવાનો ડોળ કરતા હોય છે, સંતોની નજરમાંથી પોતે ઉતરી ન જાય તે માટે વર્તમાન પાળવાનો ડોળ કરતા હોય છે. બીજાને સારૂં લાગે એ માટે સારા થતા હોય છે. આવા ભક્તો સત્સંગમાં ઘણાં હોય છે. જ્યારે પોતે સત્સંગમાં નવો નવો હોય, રોજ મંદિર જતો હોય, દોડી દોડીને સેવા કરતો હોય, તે ભક્ત અમુક સમય પછી દંભ આચરે છે. તેના કારણમાં તેના જીવમાં આવેલું માન છે. સેવા અને ભજન કરતો હતો ત્યારે સંતો તેને હાર, પ્રસાદી આપતા હોય પછી તે પ્રસાદી અને હારની લાલચમાં તેના મનમાં માન આવે છે. માનને લીધે દંભ પ્રવેશ કરે છે અને પછી એ ભક્તની દરેક ક્રિયા દંભયુક્ત થઈ જાય છે અને દંભથી જ વર્તમાન પાળતો થઈ જાય છે.

આવા સમયે ભાગ્યે જ એવા કોઈ હરિભક્ત હશે કે જેને પોતાની ભૂલ સમજાતી હોય અને કબુલાતી હોય. ભૂલ સમજાયા પછી તે ભૂલનું પ્રાયશ્ચિત્ત કરતા હોય અને મનથી નિખાલસ થતા હોય. બાકી તો બધું લોલમલોલ ચાલતું હોય છે.

૧. આ પ્રકારના કુસંગમાંથી બચવા માટે ટકોર સીસ્ટમ અપનાવવા જેવી છે. એટલે કે સંતો સભા દ્વારા ભક્તોના દોષ જાણી તેને દૂર કરવાના ઉપાય બતાવે, પણ આ બાબતમાં ભક્તે પહેલા નિખાલસ થવું પડે તો તેની ભૂલ સુધરે.

૨. દર અઠવાડીએ સંતો સભા યોજે, ભક્તો સાથે પ્રશ્નોત્તરી કરે, ભૂલ ઓળખાવે તો ભક્ત ભૂલ સુધારવા પ્રયત્ન કરે. ઘણાને સભામાં પોતાની ભૂલ કબુલતા સંકોચ થતો હોય છે. તો તે ભક્ત સંતની પાસે એકાંતમાં બેસી પોતાની ભૂલ કહે. પછી સંત તેને લગતું માર્ગદર્શન આપે. ઘણીવાર એવું બનતું હોય છે કે, સત્સંગના નિયમો સારધાર પાળવામાં દ્વિધા થાય. તે વખતે સંતોનું માર્ગદર્શ કારગત નિવડે છે.

૩. ચીઠ્ઠી પ્રથા રાખવી જોઈએ. કદાચ કોઈને સંકોચ થતો હોય તો સભામાં પોતાના વર્તમાન સબંધી નિયમોમાં ચૂક થઈ હોય તો તે પ્રશ્ન સંતને ચીઠ્ઠી લખીને આપે. સંત તેનું નિરાકરણ સભામાં કરી આપે અને તેને સાચું માર્ગદર્શન મળી રહે.

૪. વર્તમાન સંબંધી અને સત્સંગ સંબંધી બધા પ્રશ્નોના જવાબ વચનામૃતમાંથી મળી રહે છે. જો ભક્ત વચનામૃત વાંચવાનો અભ્યાસ કેળવે તો તેના જીવનમાં આજ્ઞા અને ઉપાસના બંનેનું બળ વધે. મહારાજનું એવું વરદાન છે કે, વચનામૃત એકવાર વાંચીએ તો ન સમજાય, બીજી વાર વાંચીએ તો ન સમજાય પણ જો ત્રીજી વાર વાંચીએ તો આપણે બીજાને સમજાવી શકીએ તેવું મહારાજ જ્ઞાન આપે છે. આ હકીકત છે.

૫. જો હરિભક્ત નિયમિત રીતે કથાવાર્તા સાંભળતો થાય તો તેને આજ્ઞા અને ઉપાસનામાં કોઈ દિવસ ભંગ ન પડે.

૬. પછીનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે, નીચી ટેલ. મંદિરમાં જઈ કચરા-પોતા કરે, સંતોના આસન સાફ કરે, સંત કહે તે સેવા કરે તો મુમુક્ષુના હૃદયમાં આપોઆપ જ્ઞાન પ્રગટે છે. વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. દોષો ક્યારે પલાયન થઈ ગયા તે ખબર પડતી નથી. મહારાજ અને સંતોમાં હેત થાય છે. આજ્ઞા ખબરદાર થઈને પાળવાનું બળ મળે છે. નિર્માનીભાવ આવે છે અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. રસાસ્વાદ,

- અનુસંધાન પા.નં. ૧૪ ઉપર

મૈં હું આદિ અનાદિ...

- મહેશ પટારિયા

મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;
સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ;...ટેક૦
કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા;
જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મીટ ગયા સર્વે ચાળા...
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત...
નહિ રહ્યા મૈં નહિ ગયા મૈં, નહિ સુધર્યા નહિ બિગડા;
હમે હમારા કુળ સંભાર્યા, મત કરના કોઉપ ઝઘડા...
પાનીમેં સે પુરુષ બનાયા, મળમૂત્ર કી ક્યારી;
મિલ્યા રામ ને સર્યા કામ, અબ ન રહી કોઉસે યારી...
આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા;
તે કારણ આ નરતન ધરિયા, સો જાનત હૈ રામા...
જે કારન આ નરતન ધરિયા, વે સરિયા હૈ કામ;
નિષ્કુળાનંદ કહે પ્રગટ મિલે મોહે, ટળ્યા નામ રૂપ ઠામ...

ભૂમિકા રૂપેના ચરણથી જ સ્વામી પોતાની સાથે આપણા અસ્તિત્વના અણસારાની ભાળ આપતા કહે છે, "મૈં હું આદિ અનાદિ..."

સ્વામીના આ શબ્દો સમજવા એક કલ્પના કરવા જેવી છે. ચાલો કરીએ....

મારા પિતા, દાદા, પરદાદા એમ આગળ વંશવેલાંની સાંકળને ભૂતકાળમાં લંબાવતા જઈએ તો ભગવાન રામ કે કૃષ્ણ વખતમાં પણ મારા પૂર્વજો હશે જ. કેમકે આ સાંકળના આપણા પછીના મણકાની કોઈ ગેરંટી નથી પણ આપણી આગળના મણકા વિષે શંકા ન હોઈ શકે. કેમ કે એ સાંકળ અતૂટ રહી એટલે જ એના એક મણકા તરીકે મારું અસ્તિત્વ ઉદ્‌ભવ્યું.



આ જ વિચારને આગળ ધપાવતા - ગુફામાં વસતા, કાચું માંસ ખાતા, આદિમાનવમાં પણ આ પગેરું પહોંચે. એથી આગળ પણ જઈએ તો આપણી મતિ અટકી પડે અને સ્વામીના શબ્દો જ આગળ ધરવા પડે કે, 'મૈં હું આદિ અનાદિ...'

આ આદિ-અનાદિનું અસ્તિત્વ ધરાવતો માણસ આજે સર્વ ઉપાધિઓથી ઘેરાયેલો છે. આ ઉપાધિનું કારણ સ્વામી જગત પ્રત્યેની આસક્તિને ગણાવે છે. ઉપાધિ મટાડવાનો ઉપાય સદ્‌ગુરુનું શરણું બતાવે છે.

જગતની આસક્તિ બે રીતે છૂટી શકે એમ આપણે જોતા આવ્યા છીએ. એક તો મોટા પુરુષનો જોગ અને બીજું કોઈ મહારોગ.

મહાપુરુષના યોગે કરીને ભવસાગર તરી ગયા હોય એવા વિરલ સ્ત્રી-પુરુષોના ઉદાહરણો પણ અનેક છે. એમણે પણ યથાયોગ્ય ગુરુમહિમા પોતાના પદોમાં ગાયો છે. દાખલા તરીકે ગંગાસતીના દરેક પદમાં 'ગુરુપ્રતાપે ગંગાસતી એમ બોલિયા રે...' એવો ઉલ્લેખ આવે છે.

બીજી રીતથી આસક્તિ છૂટે એમાં મનુષ્યની ગરીમા જોખમાતી અનુભવાય છે. રોગથી ત્રસ્ત, મૃત્યુની ભીખ માંગતા વ્યક્તિને મૃત્યુ ગ્રસી જાય એવા ઉદાહરણો ગણવાની જરૂર નથી. ગણિતની પરિભાષામાં એને 'અનંત ગણ' તરીકે ગણાવી શકાય.

સ્વામી પ્રથમ ચરણની પ્રથમ પંક્તિમાં જ કાસ્ટ, કુહાડો અને ઘડહનહારા સુથારના ઉદાહરણ દ્વારા આત્મા, જન્મ અને સંસારચક્રને સમજાવે છે. વિવિધ ફર્નિચરના નમૂનામાં અંતે તો કાસ્ટતત્વ જ 'કોમન' ગણાય પણ દેખાય તો કોઈ વિરલાઓને જ.

નરસિંહ મહેતા પણ 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ.' કહીને સમગ્ર સૃષ્ટિની એકતાનાં દર્શન કરાવે છે. એવા જ અણસારા સ્વામી અહીં આપે છે. સ્વામી પૂર્વાશ્રમમાં સુથાર હતા એટલે એમને કાષ્ટનું ઉદાહરણ સહજ પ્રાપ્ય લાગે છે.

એકરૂપતાથી ભરેલી સૃષ્ટિને ભેદભાવથી જોવાનો મહારોગ મટી ગયો છે, એમા એના મૂળમાં પણ સ્વામી ગુરુકૃપાને જ કારણરૂપ ગણે છે.

બીજા ચરણમાં સ્વામી કોઈ ભૂમિકા વિના સીધા જ 'બ્રહ્મ'નું દર્શન કરાવે છે. અગાઉ કહ્યું એમ જો આપણું અસ્તિત્વ આદિ અને અંતથી પર અનાદિ હોય તો

આપણા મા-બાપ, ભાઈ-બહેન, કુટુંબ ક્યુ સાચુ?

અનાદિકાળથી અસ્તિત્વ ધરાવતા આપણા સાચા સગા કોણ ? આ વાતને સમજાવતા શ્રીજી મહારાજ વચનામૃતમાં પણ કહે છે; 'સમુદ્રમાં જેટલું પાણી છે એટલું આ જીવ માતાનું દૂધ પી ચૂક્યો છે.'

વિચારતા ચકરાવે ચડી જવાય એવી આ વાતને સમેટતા સ્વામી પોતાની 'અસલી જાત'નો પરિચય કરાવતા કહે છે 'બ્રહ્મ હમારી જાત.'

બસ કોઈ સાધકને પોતાની અસલી જાતનો પરિચય થાય પછી ત્રિગુણ - સત્વ, રજસ અને તમસથી ઉપરની અવસ્થા પ્રાપ્ત થતી હશે એવું સ્વામીની વાત પરથી પ્રતીત થાય છે.

સુધરવું - બગડવું એ તો તમસ, રજસ અને સત્વ વચ્ચે રમરાણ રહેતા લોકો માટેની ગતિ ગણાય પણ જેને પોતાની અસલી જાતનો પરિચય થયો છે એ આ ત્રણેયથી પર ગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરતો હોય છે. ગીતા જેને સ્થિતપ્રજ્ઞ કહે છે.

સ્વામીને પણ આ ગુણાતીત અવસ્થાના સ્ટેજ પરથી પોતાના અસલી કૂળનો પ્રણવનાદ સંભળાય છે.

ચોથા ચરણમાં દુનિયા જેનામાં ડોલી રહી છે, જેમાં ભ્રામક સુખની અનુભૂતિ કરી રહી છે એવા સુખની ક્ષણભંગુરતા બતાવતા સ્વામી એવા સુખને 'મળમૂત્રની ક્યારી' કહે છે.

ગુજરાતના જાણીતા કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ કહેતા; 'કામદેવ જરૂર રૂપાળો છે પણ કામદેવનું સર્જન જેને કર્યું છે એ ભગવાન તો એનાથી પણ વધારે રૂપાળા છે. કેમ કે સર્જન કરતા એનો સર્જક વધુ તેજસ્વી હોય જ. જેને આવા ભગવાન પ્રત્યેનું આકર્ષણ વધી પડે એને કામદેવનું આકર્ષણ ખરી પડે એવું બને.'

સ્વામી તો આવા ભ્રામક સુખ પ્રત્યે અતિ આકરા થઈને વિષ્ઠા સાથે સરખાવે છે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...' જેવા વૈરાગ્યપ્રધાન પદો આપનાર મૂર્તિમાન વૈરાગ્ય એવા સ્વામી સાંસારિક સુખો માટે આવા શબ્દનો પ્રયોગ કરે એ કાંઈ નવાઈ પમાડે એવું તો નથી જ !!!

આ ચરણની બીજી પંક્તિમાં પણ કામ પ્રત્યેનું આકર્ષણ ટળવાનું કારણ 'રામ મળ્યા'નું જ બતાવે છે.

પાંચમાં ચરણમાં સ્વામી ભગવદ્ગીતાની યોગભ્રષ્ટ આત્માની થીયરી રજુ કરે છે. ભગવદ્ગીતા કહે છે કે, કોઈ સાધક એની સાધનામાં વિઘ્ન આવતા ભટકી જાય અને જો એવી જ અવસ્થામાં મૃત્યુ પામે તો એ કોઈ ગર્ભશ્રીમંતને ત્યા સુખની રેલમછેલ વચ્ચે જન્મે છે. આવા સાધકને ગીતા 'યોગભ્રષ્ટ આત્મા' કહે છે.

ઘણી વખત આવા સાધકને પૂર્વની સ્મૃતિ જળવાતી હોય છે. એવા દાખલા આપણા શાસ્ત્રોમાં જોવા મળે છે. સ્વામીને પણ આ સ્મૃતિ હશે જ એટલે તેઓ પોતાની આગળની, અધુરી સાધના અને એમાં થયેલ વિઘ્નને એ જોઈ શકે છે. એટલે પોતાના હાલના આ જન્મનું કારણ પણ તેઓ એને જ ગણાવે છે.

છેલ્લા ચરણમાં સ્વામી શ્રદ્ધાપૂર્વક જણાવે છે કે, જે કારણે આ દેહ ધર્યો છે એ કામ થઈ ગયું છે. એટલે કે અગાઉની અધૂરી રહી ગયેલી સાધના આ જન્મે પરિપૂર્ણ થઈ ચૂકી છે. અગાઉ રહી ગયેલી 'કિંચિત કામા'નું વૈરાગ્યના શસ્ત્રથી છેદન કર્યું છે. આવો આત્મસાક્ષાત્કાર થાય પછી સામે પ્રત્યક્ષ, પ્રગટ ભગવાન ન દેખાય એવું બને ખરું? અને જેને પ્રગટ, સાક્ષાત પ્રભુ મળે એના નામ, ઠામ, કૂળ ન છૂટે એવું બને?

આવું થાય ત્યારે પ્રત્યેક સાધક વ્યક્તિ કૂળ તજીને નિષ્કુળાનંદ બને એવી શક્યતાનું દર્શન કરાવીને સ્વામી પોતાના પદની પુર્ણાહૂતિ કરે છે.

દ્રઢ વૈરાગ્યવીર સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના પદનો ભાવ પૂર્ણ રીતે પામી શકાય એવી પાત્રતા મારામાં નથી જ એવી પુરી સભાનતા સાથે આ વાત આપ સૌ સામે મુકતા ધન્યતા અનુભવું છું.....જય જગત.

■■■

- અનુસંધાન પા.નં. ૧૨ ઉપરનું

કામ, મોહ-માયા વગેરે જીવથી કોશો દૂર ભાગે છે.

૭. મંત્રજાપ નિયમીત રીતે કરે. ૧૧ કે ૨૧ માળા ફેરવવાનું નિયમ લે. જ્યારે સમય મળે ત્યારે માળા કરે. ઘણાં ભક્તોને રાતની નોકરી હોય, સવારે મોડા ઉઠાતું હોય તો જ્યારે રાતે નોકરી પરથી આવે ત્યારે થાક-આળસને ન ગણકારીને માળા કરે. તો તે જીવ અતિશય સમજણને પામે છે. તેનામાં સમજણની વૃદ્ધિ થાય છે.

૮. કોઈ આધિ-વ્યાધિ-ઉપાધી હોય ત્યારે જનમંગલ સ્તોત્રનું અનુષ્ઠાન કરે તે સારી વાત છે. પણ કાંઈ ઉપાધી ન હોય ત્યારે પણ રોજ અગિયાર જનમંગલ સ્તોત્રના પાઠ કરે તો જીવ અતિશય બળને પામે છે. જનમંગલ સ્તોત્રના પાઠમાં પણ એક નિયમ અચૂક રાખવો કે, નાહી ધોઈ, પૂજાના વસ્ત્રો પહેરી, દીવો કરી એકતારે જનમંગલના પાઠ કરે. તો તેને સત્સંગની વૃદ્ધિ થાય છે. દોષોનું નિવારણ થાય છે. પ્રભુમાં અતિશય હેત થાય છે.

૯. કોઈ બાબતનું નિયમિત અનુષ્ઠાન કરે કે નિયમિત મંદિરે જાય, નિયમિત કથાવાર્તા સાંભળે, નિયમિત સેવા કરે, સંતોની આજ્ઞા પાળે તો તેનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિને પામે છે. તે શંકા વગરની વાત છે.

■■■

સમાચાર દર્શન

ગુરુપૂર્ણિમાં મહોત્સવ

પૌરાણિક ઈતિહાસ મુજબ સૌ પ્રથમ ભગવાન વેદવ્યાસનું પૂજન નૈમિષારણ્યમાં વસતા સૌનકાદિક ઋષિઓએ કર્યું હતું. તે દિવસ આષાઢી પૂનમને 'ગુરૂ પુર્ણિમા'નું નામ મળ્યું અને એ દિવસ મહાપર્વ તરીકે આજ દિવસ સુધી ઉજવાય છે.

ગુરુપૂર્ણિમા મહોત્સવ ભારતવર્ષનો અતિ મહત્ત્વનો ઉત્સવ છે. આજના દિવસે શિષ્યો ભગવાન સાથે ભેટો કરાવનારા ગુરુઓનું પૂજન કરે છે. ૩ જૂલાઈના રોજ **SGVP** ખાતે અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવપૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આજના દિવસે પ્રાતઃકાલે વ્યાસ પૂજન તથા મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞશાળામાં ભગવાન વેદવ્યાસની વિશાળ પ્રતિમા તથા અઢાર પૂરાણ-ચાર વેદની સ્થાપના કરવામાં આવી હતી. જેનું પૂજન કરી પૂજ્ય સ્વામીજીએ ભગવાન વેદવ્યાસની વંદના કરી હતી.

સાયં ચાર કલાકે ગુરુમહિમાના કીર્તનગાન તથા ગુરુણામ્‌ગુરુ ભગવાન શ્રીહરિના પૂજન સાથે મહોત્સવનો પ્રારંભ થયો. પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીએ વૈદિક વિધિથી ભગવાન શ્રીહરિ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન કર્યું હતું. ત્યાર બાદ ગુરુકુલ પરિવારના ગુરુસ્થાને બિરાજમાન પૂજ્ય સ્વામીજીનું પૂજન પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી તથા પરિવારના તમામ સંતો, ગુરુકુલના ટ્રષ્ટીઓ તથા મહાનુભાવોએ કર્યું હતું.

સર્વે સંતોના પૂજન બાદ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા તથા આગામી ડિસેમ્બર મહિનામાં આવી રહેલા 'સ્મૃતિ મહોત્સવ'ના આયોજનોની વાત કરી સર્વ ગુરુબંધુઓને તન-મન-ધનથી જોડાવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ શુભાશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, "આજે અમારી દૃષ્ટિ સમક્ષ ક્રાંતદર્શી ઋષિઓની પરંપરાઓ છે. એ ઋષિઓ દૃષ્ટા હતા. એમની આંખો પરમપુરુષને જોઈ શકતી હતી. એવા ક્રાંતદર્શી ઋષિઓમાં શ્રેષ્ઠ ભગવાન વેદવ્યાસ હતા. ભગવાન સ્વામિનારાયણનું એક નામ 'વ્યાસસિદ્ધાંતબોધક' હતું. સ્વયં ભગવાન હોવા છતાં તેઓ વેદવ્યાસજીના સિદ્ધાંતને અનુસરે છે. આવા મહાન વેદવ્યાસજીની આજે પૂજનતિથિ છે. આજનો દિવસ વ્યાસ પૂજનનો દિવસ છે. તમામ ગુરુઓ એ વ્યાસજીના સિદ્ધાંતોને અનુસરનારા છે એ ખ્યાલ રાખવો જોઈએ. ભગવાન નારાયણે બ્રહ્મનાદ કર્યો. એ નાદ વિરાટનારાયણ દ્વારા આ બ્રહ્માંડમાં વ્યાપ્યો. એ નાદને કેટલાય ઋષિઓએ ગ્રહણ કર્યો. જે એ નાદ ગ્રહણ કરી શકે એ ગુરુ કહેવાય, માટે આજે એવા ગુરુઓને પૂજવાનો દિવસ છે. આપણી ગરવી ગુણાતીત સંત પરંપરાએ સ્વયં પૂર્ણપુરુષોત્તમ નારાયણના મુખે એ બ્રહ્મનાદનું પાન કર્યું હતું અને આજે પણ પાન કરી રહ્યા છે ત્યારે એ પરંપરામાં આપણે ખરેખર ધન્યભાગી થયા છીએ. આપણે એ પરંપરાના સંવાહક છીએ, પરંપરાના રક્ષક છીએ એ ખાસ યાદ રાખવું જોઈએ."

આ પ્રસંગે ગુરુકુલના સર્વે ટ્રસ્ટીઓ તથા મુંબઈ, સુરત, રાજકોટ, ઉના, ભૂજ, વડોદરા, અંકલેશ્વર, અમદાવાદ વગેરે સ્થાનોથી ગુરુકુલ પરિવારના ભક્તજનો ગુરુપૂજન માટે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખાસ વડતાલ ગાદીના આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે ટેલીફોનીક આશીર્વાદ પાઠવ્યા હતા તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મંગલ આશીર્વાદનું શ્રવણ કરવામાં આવ્યું. તેમજ ગુરુવર્ય સ્વામીજી દ્વારા લખાયેલ શ્રી ધર્મજીવન ગાથા પુસ્તકનાં ભાગ ૨-ની ડિજીટલ ઑડિયો બૂક (MP3) અને પ્રસિદ્ધ ભજનિક શ્રી નિરંજનભાઈ રાજ્યગુરુના કંઠે ગવાયેલ, ભક્તકવિ શ્રી સાઈ મકરંદભાઈ દવેની રચનાઓની ડિજીટલ ઑડિયો બૂકનું (MP3) સદ્‌ગુરુ સંતોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવી હતી.

કશ્મીરના રાજ્યપાલશ્રી સાથે મુલાકાત

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંતમંડળ તથા ભક્તજનોની સાથે કશ્મીરની યાત્રાએ પધાર્યા હતા. આ યાત્રા દરમિયાન સ્વામીશ્રીએ ખાસ કશ્મીર રાજભવનમાં મહામહીમ રાજ્યપાલશ્રી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન પૂજ્ય સ્વામીજી તથા રાજ્યપાલશ્રી વચ્ચે કશ્મીરની પ્રગતિ વિશે ચર્ચા થઈ હતી. પૂજ્ય સ્વામીજીએ જમ્મુ-કશ્મીરની પ્રાચ્ય જ્ઞાનપરંપરાને આગળ ધપાવવા વર્તમાન સરકાર દ્વારા થતા પ્રયત્નોને બિરદાવ્યા હતા. અમરનાથની યાત્રાએ આવતા વિશ્વભરના યાત્રીઓ માટે સુરક્ષા-સુવિધાઓ અંગે પણ ચર્ચા થઈ હતી. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી સાથે અભિષેક ઉપાધ્યાય, રામસુખદાસજી સ્વામી, ભક્તવત્સલદાસજી સ્વામી, વિશ્વમંગલદાસજી સ્વામી, કાનજીભાઈ પટેલ, રવજીભાઈ હિરાણી, દેવશીભાઈ વરસાણી તથા અશ્વિન પટેલ વગેરે પણ જોડાયા હતા.

હિન્દુ-મુસ્લિમ ધર્માચાર્યોની બેઠક, દિલ્હી

H.E. ડૉ. મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા, મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી જનરલ, (મુસ્લિમ વિશ્વનું સૌથી પ્રભાવશાળી વૈશ્વિક મંચ) અગ્રણી અને અધિકૃત ઈસ્લામિક વિદ્વાન છે, જેઓ ભારતની પ્રથમ મુલાકાતે પધાર્યા હતા.

૧૨મી જુલાઈ, ૨૦૨૩ના રોજ દિલ્હી ખાતે વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન (**VIF**)ખાતે તેઓએ હિન્દુ ધર્મ આચાર્ય સભા અને અન્ય અગ્રણીઓ સાથે ધર્મોની સુમેળના વિષય પર સંવાદ કર્યો હતો.

આ મીટીંગમાં હિન્દુ ધર્મ આચાર્ય સભાના મહામંત્રી અને સંયોજક સ્વામી પરમાત્માનંદજી, સ્વામી નિર્મલાનંદજી (આદિ ચુનચુનગીરી), સ્વામી માધવપ્રિયદાસજી (**SGVP** ગુરુકુલ અમદાવાદ), સ્વામી બ્રહ્મેશાનંદજી (ગોવા) તથા અન્ય ધર્મસંસ્થાના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પરીસંવાદમાં શ્રી અજીત ડોભાલ (રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર **NSA**) અને શ્રી ગુરુમૂર્તિ, (અધ્યક્ષ **VIF**) પોતાની ટીમ સાથે આ ચર્ચામાં જોડાયા હતા અને માર્ગદર્શન આપ્યું હતું. શ્રી. ડોભાલે જણાવ્યું હતું કે, વિશ્વ સંકુચિત અને નિહિત સ્વાર્થો દ્વારા સંચાલિત કાવાદાવામાંથી પસાર થઈ રહ્યું છે. કારણ કે ઘણા નેતાઓ પોતાની પ્રસિદ્ધિ વધારવા અને લોકચાહના મેળવવા ધર્મનો ઉપયોગ રાજકીય સાધન તરીકે કરી રહ્યા છે.

ડૉ. અલ-ઈસાએ વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓમાંની એક ભારત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની દ્રષ્ટિ અને નિખાલસતા માટે પ્રશંસા કરી. તેમણે વૈશ્વિક સંવાદિતા માટે પ્રેરક બળ તરીકે ભારતીય ફિલસૂફીની પણ પ્રશંસા કરી હતી. તેમણે જાહેર કર્યું કે વૈદિક ફિલસૂફીમાં આજે વિશ્વના કેટલાક ગંભીર પડકારોને ઉકેલવાની ક્ષમતા છે.''

ઈસ્લામિક વિશ્વનો ઉલ્લેખ કરતા ડૉ. અલ-ઈસાએ કહ્યું હતું કે, ''વિવિધ નેતાઓ દ્વારા તેમના રાજકીય એજન્ડાને અનુરૂપ પવિત્ર કુરાનના બહુવિધ અર્થઘટનોએ અન્ય લોકો માટે ગેરસમજ, અવિશ્વાસ અને નફરત પેદા કરી છે. પવિત્ર કુરાન પરસ્પર આદરની હિમાયત કરે છે.

હિન્દુ ધર્મગુરુઓએ સમજાવ્યું હતું કે, હિંદુ ફિલસૂફી એવી માન્યતા રાખે છે કે, સર્વમાં ઈશ્વરનો અંશ છે. સર્વમાં ઈશ્વર બિરાજે છે. તેથી જ હિન્દુઓ હાથ જોડીને નમસ્તે કહે છે. જેનો અર્થ છે કે, હું તમારામાં રહેલા પરમાત્માને આદર આપું છું. હિંદુ ધર્મમાં મૂર્તિપૂજાને અમે આધ્યાત્મિક વિકાસની શરૂઆત માનીએ છીએ. હિંદુઓ તમામ ધાર્મિક પ્રાર્થનાઓને સમાન અને સાચી સ્વીકારે છે. હિંદુ સંસ્કૃતિમાં વિવિધતા હોવા છતાં એક છે અને આંતરિક તથા બાહ્ય રીતે સહનશીલ છે.

ઋગ્વેદ કહે છે, **वसुधैव कुटुम्बकम्**। અમે સમગ્ર વિશ્વ સાથે એક પરિવાર તરીકે જીવવાનો પ્રયાસ કરીએ છીએ. જેમ જૈવિક વિવિધતા પ્રકૃતિ માટે મહત્વપૂર્ણ છે, તેવી જ રીતે શાંતિપૂર્ણ, સુમેળભર્યા સમાજ માટે ધાર્મિક વિવિધતા મહત્વપૂર્ણ છે. તે આપણને દરેક માટે પ્રેમ અને કરુણા અને પ્રકૃતિની સાચી નિઃસ્વાર્થ સેવા શીખવે છે.

આ પ્રસંગે **VIF** ના અધ્યક્ષ શ્રી એસ. ગુરુમૂર્તિએ જણાવ્યું હતું કે, ભારત અકલ્પનીય વિવિધતા (ધર્મો, પ્રાર્થનાની પદ્ધતિઓ, ભાષાઓ, ખોરાકની આદતો વગેરે)ની ભૂમિ છે. ભારત માત્ર વિશ્વની સૌથી મોટી લોકશાહી નથી, પરંતુ લોકશાહીની માતા છે. ભારતે સદીઓથી શાંતિપૂર્ણ અને સુમેળભર્યા જીવન જીવતા વિવિધ ધર્મોનું સ્વાગત કર્યું છે. તેમણે મુસ્લિમોને ગેરમાર્ગે દોરવા માટે સંસ્થાનવાદી શાસનને જવાબદાર ગણાવ્યું હતું. સ્વામી વિવેકાનંદે ૧૮૯૩ માં વિશ્વ ધર્મ સંસદ સમક્ષ

ગર્વથી જાહેર કર્યું હતું કે, અમે અમારી છાતીમાં પારસીઓના સૌથી શુદ્ધ અવશેષો રાખ્યા હતા. અને ઇઝરાયેલીઓ કે જેઓ શરણાર્થીઓ તરીકે ભારત આવ્યા અને રોમન જુલમ દ્વારા તેમના વતનમાંથી હાંકી કાઢવામાં આવેલા હતા.

ધર્માચાર્ય સાથેની બેઠક પૂર્ણ થયા બાદ ડૉ. અલ ઈસાએ વિવેકાનંદજી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના હૉલમાં પબ્લિક ઉદ્‌બોધન કર્યું હતું. જેમાં ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રીઓ, રાજકીય મહાનુભાવો, વિવિધ ધર્મના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કથા સમય
સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ સાંજે ૩:૩૦ થી ૭:૩૦

જ્ઞાનસત્રના આયોજનમાં યજમાન તરીકે લાભ લેવા ઓફિસનો સંપર્ક કરવો.

જ્ઞાનસત્ર-47

તા. ૧૭ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩

શ્રાવણ સુદ ૧ થી ૭

॥ શ્રીમદ્ સત્સંગિજીવન કથા ॥

પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

સંપર્ક : સાધુ મુક્તસ્વરૂપદાસ +91 90990 92556

લાઇવ પ્રસારણ
YouTube gurukulparivar

નૂતન પ્રકાશન

ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના જીવન વિષે ગુરુવર્ય સ્વામીજી દ્વારા લખાયેલ શ્રી ધર્મજીવન ગાથા ગ્રંથનાં ભાગ ૨-ની ઑડિયો બૂક (MP3) તેમજ પ્રસિદ્ધ ભજનિક શ્રી નિરંજનભાઈ રાજ્યગુરુના કંઠે ગવાયેલ, ભક્તકવિ શ્રી સાંઈ મકરંદભાઈ દવેની રચનાઓની ઑડિયોનું (MP3) પ્રકાશન થયું. ગ્રંથનું વાચન શક્ય ન હોય એવા પ્રવાસાદિકના સમયે ઓડિયો બુકનું શ્રવણ કરીએ.

શ્રદ્ધાસુમન

અ.નિ. ગંગદાસભાઈ દુલાભાઈ કોરાટ :- ગામ પારડી નિવાસી પ.ભ. શ્રી ગંગદાસભાઈ તા. ૧૧ જુલાઈ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ગંગદાસભાઈ છારોડી ગુરુકુલમાં વર્ષોથી સેવા કરતા એવા પૂજ્ય રામસુખદાસજી સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી હતા. ગંગદાસભાઈનો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભજન અને સેવામાં રત શ્રી ગંગદાસભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રી હરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા સુપુત્ર સુધિરભાઈ તેમજ સર્વ પરિવારને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ શ્રી નાગજીભાઈ અરજણભાઈ આદ્રોજા :- મૂળ મોણપર હાલ મોરબી નિવાસ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર અને ગુરુકુલના અભિન્ન અંગ કહી શકાય એવા શ્રી નાગજીભાઈ આદ્રોજા ૨૪ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિશ્રી નાગજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા નરભેરામભાઈ, રજનીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અનિલકુમાર અમૃતલાલ મારૂ : ગોંડલ નિવાસી પ.ભ. શ્રી અનિલકુમાર મારૂ તા.૨૩ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર શાસ્ત્રીજી મહારાજ તથા સંતોનો કૃપાપાત્ર પરિવાર છે. મેમનગર ગુરુકુલમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન પદે રહી આ પરિવારે જે તે સમયે ખૂબ સેવા કરેલી. ઉપરાંત દર વર્ષે ઉજવાતા પાટોત્સવમાં પણ આ પરિવાર યજમાન તરીકે જોડાય છે. ભગવાન શ્રીહરિ અનિલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ પુનાભાઈ મોહનભાઈ પાનસુરીયા : ગામ ફાટસર નિવાસ શ્રી પુનાભાઈ પાનસુરીયા તા ૬ જુલાઈ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને અવિરત ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓમાં જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ પુનાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ નારણભાઈ, કાંતિભાઈ અને ગૌતમભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. દેવાંશ વિન્ટુભાઈ ભાયાણી :-SGVP રીબડા ગુરુકુલના વિદ્યાર્થી શ્રી દેવાંશ ભાયાણી તા ૩ જુલાઈ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. સેવા તથા અભ્યાસમાં સદાય અગ્રેસર દેવાંશે ખૂબ નાની ઉંમરે વિદાય લેતા ગુરુકુલ પરિવાર અત્યંત દુઃખની લાગણી અનુભવે છે. દેવાંશના પિતાશ્રી વિન્ટુભાઈ ખૂબ સમજુ અને વિચારવાન છે. ભગવાન શ્રીહરિ દેવાંશના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા વિન્ટુભાઈ વગેરે સર્વ પરિવારજનોને આ કઠણ ઘડીએ ધીરજ અર્પે એવી પ્રાર્થના. આ પરિવારે દેવાંશની સ્મૃતિમાં અધિક મહિનામાં ગુરુકુલ દ્વારા થતા સેવાકાર્યોમાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે.

અ.નિ. મોક્ષાર્થ જૈનિશભાઈ ગજેરા : પ.ભ. શ્રી જૈનિશભાઈના નવજાત પુત્ર શ્રી મોક્ષાર્થ ૧૮ જૂન ૨૦૨૩ રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રી હરિ મોક્ષાર્થના આત્માને પોતાના ચરણોનું સુખ આપે અને અણધાર્યા આવેલ દુઃખમાં જૈનિશ તથા સર્વે પરિવારજનોને ધીરજ અર્પે પ્રાર્થના એવી પ્રાર્થના.

અ.નિ. કેશરબાઈ રવજીભાઈ વેકરીયા :- બળદીયા નિવાસી શ્રી કેશરબાઈ ૮ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કેશરબાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ રવજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી જીતુભાઈ આણદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી હરિકૃષ્ણભાઈ ગુણવંતભાઈ જાગાણી, અસ્ટ્રેલીયા
પ.ભ. શ્રી સંદિપભાઈ મિસ્ત્રી, અમદાવાદ
પ.ભ. શ્રી હરજીભાઈ લાલજીભાઈ હિરાણી, બળદીયા - ભુજ
પ.ભ. શ્રી સાહિલ પરમાર, જુનાગઢ
અ.નિ. ઘનશ્યામભાઈ લાલજીભાઈ પટેલ, મુંબઈ
પ.ભ. શ્રી વેદ કિરીટભાઈ મુંદડિયા, મોરબી
પ.ભ. શ્રી માન વિલિશભાઈ પટેલ, ઊંઝા
પ.ભ. શ્રી પટેલ રમેશભાઈ અમૃતલાલ, અમદાવાદ
પ.ભ. શ્રી વસંતભાઈ લીંબાસીયા, રાજકોટ
પ.ભ. શ્રી હેપ્પીબેન રમેશભાઈ પટેલ , અમદાવાદ
પ.ભ. શ્રી પરબતભાઈ શિવજીભાઈ કેરાઇ, યુ.કે.
પ.ભ. શ્રી લાલજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ધ્યેય રાદડીયા (SGVP Student)
પ.ભ. શ્રી સચિનભાઈ ગણાત્રા, પૂના
પ.ભ. શ્રી પ્રિન્સ (SGVP Student) સિદ્ધિપુર
પ.ભ. શ્રી ધાર્મિક ડોબરિયા (SGVP Student)
પ.ભ. શ્રી તુષારભાઈ જોષી, અમદાવાદ
પ.ભ. શ્રી કોશિક મોહનભાઈ ગોલા, અમદાવાદ
પ.ભ. શ્રી ચેતનભાઈ જાદવ, અમદાવાદ
પ.ભ. શ્રી મીલનભાઈ રાદડીયા, અમદાવાદ
પ.ભ. શ્રી વાલજીભાઈ આસોદરીયા
પ.ભ. શ્રી ચંદ્રેશભાઈ ગોકળભાઈ લુણાગરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ આઈ. પટેલ
શ્રી યોગીતાબેન ભદ્રેશભાઈ કારિયા, અમદાવાદ
પ.ભ. શ્રી રસિકભાઈ ચતુરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી કે. વરસાણી, આફ્રિકા
પ.ભ. શ્રી જેન્તીભાઈ પટેલ, ન્યુઝીલેન્ડ
પ.ભ. શ્રી ડો. ચિરાગ બી. જોષી, દેહગામ
પ.ભ. શ્રી વૈભવ દેસાઈ, અમદાવાદ
પ.ભ. શ્રી હિતેશભાઈ લાલજીભાઈ પટેલ
પ.ભ. શ્રી અશ્વિનભાઈ પીપળવા, રાજકોટ

આગામી આયોજન

તા. ૧૨/૦૮/૨૩, શનિવાર : **કમલા એકાદશી**
તા. ૧૭ થી ૨૩/૦૮/૨૩ : **જ્ઞાનસત્ર** : શ્રીમદ્ સત્સંગિજીવન કથા, વક્તા : પરમ પૂજ્ય સ્વામીજી.
તા. ૨૫/૦૮/૨૩, શુક્રવાર : **હરિજયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૨૭/૦૮/૨૩, રવિવાર : **પવિત્રા એકાદશી**

SGVP HOLISTIC HOSPITAL

FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

NABH ALLOPATHY

NABH AYURVEDA

SGVP આયુર્વેદ વેલનેસ મેમ્બરશીપ કાર્ડ

(વાર્ષિક મેમ્બરશીપ)



સિલ્વર મેમ્બરશીપ કાર્ડ : ~~₹ 15200/-~~ ₹ 12500/-

- અભ્યંગ સ્વેદન - ૪ સેશન
- શિરોધારા - ૩ સેશન
- મુખલેપનમ્ (હર્બલ ફેસિયલ) - ૨ સેશન

(આયુર્વેદ અને યોગ કન્સલ્ટેશન પર ૧૦% ડિસ્કાઉન્ટ)

ગોલ્ડ મેમ્બરશીપ કાર્ડ : ₹ ~~32600/-~~ ₹ 25000/-

- અભ્યંગ સ્વેદન - ૬ સેશન
- શિરોધારા - ૪ સેશન
- પત્રપિંડ પોટ્ટલી સ્વેદન - ૧ સેશન
- ઉદ્વર્તન - ૧ સેશન
- ન્યાવરા મુખલેપનમ્ - ૩ સેશન
- કેશ શ્રૃંગાર - ૨ સેશન
- ૧ મહિનો ફિટનેસ યોગ
- વેલનેસ હેલ્થ ચેકઅપ પેકેજ

(આયુર્વેદ અને યોગ કન્સલ્ટેશન પર ૧૫% ડિસ્કાઉન્ટ)



ડાયમંડ મેમ્બરશીપ કાર્ડ : ₹ ~~66600/-~~ ₹ 50000/-

- અભ્યંગ સ્વેદન - ૮ સેશન
- શિરોધારા - ૫ સેશન
- પત્રપિંડ પોટ્ટલી સ્વેદન - ૩ સેશન
- ઉદ્વર્તન - ૩ સેશન
- કેશ શ્રૃંગાર - ૪ સેશન
- ન્યાવરા મુખલેપનમ્ - ૪ સેશન
- ૧ મહિનો ફિટનેસ યોગ
- વેલનેસ હેલ્થ ચેકઅપ પેકેજ

(આયુર્વેદ અને યોગ કન્સલ્ટેશન પર ૨૦% ડિસ્કાઉન્ટ)

(પેકેજ સિવાયની પંચકર્મ થેરાપીઓ પર ૧૦% ડિસ્કાઉન્ટ)

વધુ માહિતી માટે સંપર્ક : 95122 00122

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

SGVPને આંગણે યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે વ્યાસ પૂજન. ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુઓનું પૂજન કરતા સંતો.
સદ્‌ગુરુઓનું સંતો તથા ભક્તજનો દ્વારા પૂજન તેમજ ઉપસ્થિત ગુરુકુલ પરિવાર

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-